મારો પંજાબનો પ્રવાસ

[૩]

ઉનાળાની આ રજા પંજાબમાં ગાળવાનો પ્રસંગ આવ્યો તેથી મારી ઉત્સુકતા અને આનંદવૃત્તિ ખૂબ વધ્યાં. પંજાબનો આ પ્રવાસ ચોથી વખતનો હતો. પહેલાં ત્રણ વાર હું ત્યાં ગયેલો પણ તે વખતે તેટલો દૃષ્ટિઉન્મેષ ન હતો. આ વખતના પ્રવાસમાં મારાં ખાસ ત્રણ દૃષ્ટિબિંદુઓ હતાં: (૧) પ્રાંતિક વિશેષતા નિહાળવાનું; (૨) આર્ય લોકોની પ્રથમ આવી વસવાટ કરવાની ભૂમિ તરીકે તેની વિશેષતા જોવાનું: અને (૩) અસહયોગ પહેલાંની અને ત્યાર પછીની તે ભૂમિની સ્થિતિ અવલોકવાનું.

મારી ઇચ્છા આખા પંજાબમાં ફરવાની ન હતી, પણ ગુજરાનવાલા, અમૃતસર વગેરે જેવાં ખાસ સ્થળો જ નિહાળવાની હતી. પંજાબના હત્યાકાંડ વખતે ત્યાંની ખરી હકીકત મેળવવા નિમાયેલી તપાસસમિતિ તરફથી જે રિપોર્ટ બહાર પડ્યો છે તેના વાચકોને ગુજરાનવાલા સ્મરણોમાં હોવું જ જોઈએ. અમૃતસર તો જગજાણીતું છે. પહેલાં હું ગુજરાનવાલાની વાત કહી દઉં.

ગુજરાનવાલા

અમદાવાદથી તા. ૪ એપ્રિલે બપોરે ફાસ્ટમાં નીકળી દિલ્હી અને લાહોર થઈ તા. ૬ એ ગુજરાનવાલા પહોંચ્યો. આ શહેરની વસ્તી લગભગ સાઠ હજારની હશે. પંજાબ પોતાનાં સુંદર હવાપાણી માટે પ્રસિદ્ધ છે; અને તેની સરસ આબોહવા માટે જે કેટલાંક ખાસ સ્થળો પ્રસિદ્ધ છે તેમાં ગુજરાનવાલા પણ એક ગણાય છે.

જેમ ત્યાંનું પાણી પોષક અને પાચક છે તેમ ત્યાં પાણીની છૂટ પણ ખૂબ જ છે. લગભગ દરેક ઘરે અને દરેક સ્થળે જમીનમાંથી સીધા પંપ મૂકેલા હોય છે. ત્યાં જમીનમાં પાણી દોઢ બે હાથ ભાગ્યે જ ઊંડું હશે. આથી ગમે ત્યાં બેસી પંપ ચલાવીએ કે ધોધમાર પાણી આવ્યે જ જાય. આખા શહેરમાં આ પંપની પદ્ધતિને લીધે નળની વ્યવસ્થા દાખલ થઈ નથી. જ્યારે પીવાનું કે નાહવાનું મન થાય ત્યારે સીધું જમીનમાંથી પાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢી લેવાનું; એટલે એ જેટલું તાજું તેટલું જ ઠંડું. સ્નાન કરનારને ખાસ કરીને ગુજરાતીને—પહેલાં તો પાણી હિમ જેવું ઠંડું લાગે ને ગભરાવી–થથરાવી મૂકે, પણ એકવાર તે થોડી ડોલ પોતાના શરીર પર જીવ મોરો કરી રેડી દે કે પછી પંપ નીચેથી ઊઠવાનું મન જ ન થાય; એટલી આ પાણીની બલપ્રદતા અને તાજાપણાની શક્તિ.

કેટલાંક વર્ષ અગાઉ જમીનમાં પાણી આટલું ઉપર ન હતું, પણ જ્યારથી ત્યાં નહેર આવી ત્યારથી પાણી વધ્યું. એ નહેર સતલજ નદીમાંથી લેવામાં આવી છે. ત્યાંની નહેર ગુજરાતની એક મોટી નદી સાથે સરખાવી શકાય. તે નહેરનો પુલ લગભગ ૧૧૦ કદમ જેટલો લાંબો છે. અને તેટલા પહોળા પટમાં ખૂબ ઊંડું પાણી વહ્યા કરે છે. એ નહેરથી ત્યાં લાભ થયો છે તેમ જ હાનિ પણ થઈ છે. ઘણેખરે સ્થળે પાકમાં વધારો થયો છે, પણ પાણીના અતિ વહેણને લીધે આજુબાજુનાં કેટલાંક ગામોનાં ખેતરોની ફળદ્રુપતા ઓછી થઈ છે અને ક્વચિત ક્વચિત નાશ પણ પામી છે. જમીનનો ક્ષાર ભાગ ઉપર આવી જવાથી જ્યાં પાણી પડ્યું હોય ત્યાં તે જલદી સૂકાતું નથી; તેથી ખેતી કરવામાં પણ ઘણી અડચણ આવે છે. જમીનમાં પાણી બહુ ઉપર આવી જવાથી મકાનોની સ્થિરતાને ધક્કો લાગ્યો છે અને ખુદ ગુજરાનવાલામાં ઘણાં પાકાં અને મજબૂત મકાનો એ જ કારણથી કાં તો જમીનદોસ્ત થયાં છે કે કાં તો ફાટી ગયાં છે. નવી ઇમારતો બંધાવવા ઇચ્છનાર કેટલાક દીર્ઘદર્શીઓ આ કારણથી હાલ તો વિચારમાં પડી ગયા છે.

ત્યાંની ખાસ નીપજ ઘઉં, ચણા, અડદ અને ચોખાની છે. ઘાસ પણ પુષ્કળ થાય છે. પહેલી ત્રણ ચીજો તો ત્યાંના લોકો ખાસ વાપરે છે. ચોખા ખાવાનો રિવાજ ત્યાં નામ માત્રનો છે. સારા શ્રીમંત ગૃહસ્થને ત્યાં ચોખા વારતહેવારે જ રંધાય. આ ચોખા બહુ સારા અને કિંમતી હોય છે. આપણા અમદાવાદની બજારમાં મળતા બાસમતી અને વાંસીના ચોખા તે જ આ ચોખા. સારામાં સારા ચોખાની કિંમત ત્યાં જ આપણા મણના દશ રૂપિયા પડે છે. ત્યાંના લોકોને પૂછીએ કે 'તમે ભાત કેમ ખાતા નથી?' ત્યારે જવાબમાં હસીને કહે: ! 'એ તમને ભાતખાઉ પોચા ગુજરાતીઓને સોંપ્યું. અમારાં આ કુંડ એથી કાંઈ થોડાં જ ભરાય?'

ત્યાંના લોકોનો મુખ્ય ખોરાક ઘઉં અને અડદ છે. ત્યાં અડદનો એટલો

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

બધો વપરાશ છે કે તુવરને લોકો ઓળખતા જ નથી એમ કહું તો ખોટું નથી. આ વાત એક રસિક હકીકતથી સ્પષ્ટ કરી દઉં.

હું જ્યારે અમદાવાદથી નીકળવાનો હતો ત્યારે ગુજરાનવાલામાં વસતા મારા એક ગુજરાતી મિત્રે બે ચીજ સાથે લાવવા તાર કર્યો. આ મિત્ર ગુજરાતી હોઈ તુવરની દાળ અને કોકમને અભાવે તેમ જ અડદની દાળના હમેશના વપરાશથી ખૂબ કંટાળ્યા હતા. તેમનાં શિક્ષિત પત્ની તો તુવરની દાળને સ્વપ્નમાં પણ ઝંખતાં. એટલે તેઓએ મારા ઉપર તાર મુકાવ્યો : 'તુવર અને કોકમ લેતા આવશો.' પણ તારમાસ્તર પંજાબી હોવાથી તુવર અને કોકમ એ શું તે તે જાણતો ન હતો. તેથી તેણે તારમાં લખ્યું : 'સુવર અને કોકેન લેતા આવશો.' આ તાર વાંચી હું તો સમજી ગયો કે તારમાસ્તરની ભૂલ છે—ભૂલ શાની, સમજફેર છે—કારણ, હું જાણતો હતો કે તાર કરનાર વ્યક્તિ ગુજરાતી હોઈ જરૂર અડદથી કંટાળ્યા હશે. એટલે તુવર નામ ભલેને તારમાસ્તરથી અજાણ્યું હોય પણ સુવરથી તો તે જરાએ અપરિચિત ન જ હોય. ત્યાં તો ગાળ જ 'સાલે સુવર'ની હોય છે; અને સુવરોની સંખ્યા પણ ત્યાં સારી છે. હિંદુ માંસભક્ષી હોય તો સુવરનું માંસ તેણે ચાખેલું પણ હોય. વળી પંજાબમાં ખટાશ આમચૂરની વપરાય છે, એટલે કોકમ એવું તો નામ જ નથી. માસ્તર કોકેનને તો જાણે, કારણ કે એક કેફી ચીજ તરીકે પોતાના અભ્યાસમાં તે આવ્યું જ હોય. આ કારણથી તુવર અને કોકમને બદલે સુવર અને કોકેનનો તાર થયેલો. અસ્તુ.

આપણે ત્યાં અડદ જેટલા ભારે ગણાય છે તેટલા જ તે પંજાબમાં હલકા ગણાય છે. આ ત્યાંના પાણીનો પ્રભાવ. ત્યાં ચણા એટલા બધા પાકે છે કે તેના યથેષ્ટ ખોરાકને લીધે ત્યાંના ઘોડા ખૂબ જ મજબૂત રહે છે. હું ત્યાં હતો ત્યારે ચણાના છોડવા પાકેલ દાણાના ઘાસની માફક વેચાતા અને તે જ ખરીદી લોકો ઘોડાને નીરતા.

પશુઓ પ્રમાણમાં ઘણાં છે અને પુષ્ટ પણ છે. ગાયોની સંખ્યા ઓછી છે એટલે તેનો અવેજ વાળવો હોય તેમ ભેંસોની સંખ્યા ખૂબ જ છે. મારી મુસાફરી દરમ્યાન એવી એક પણ ભેંસ કે બીજું ઢોર માલૂમ ન પડ્યું કે જેનાં હાડકાં અહીંની માફક દેખાતાં હોય. દૂધ પણ તેટલું જ ઘટ્ટ અને સ્વાદિષ્ટ. જો કે અહીંની જેમ મોઘું તો છે જ છતાં ત્યાં ગમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે અને ગમે ત્યાં ચોખ્ખું મળી શકે છે. સપરેટના ભેગની તો શંકા જ નથી. પશુઓની પુષ્ટિ બાબતમાં એક જ વાત કહેવી બસ થશે કે ત્યાંની બકરીઓ લગભગ અહીંની નાનકડી ગાય જેવી હોય છે. શરૂઆતમાં જોનારને આ બકરી છે એવું ભાન પણ ન થાય.

ખોરાકની બાબતમાં ત્યાંની રીત બહુ જુદી છે. તેઓ રોટી અને દાળ ખાય છે. રોટી ખાસ કરી તંદુરની રોટી કહેવાય છે. તંદુર એ એક લંબચોરસ પેટી જેવો ચૂલો હોય છે જેમાં સખત ભાઠો સળગે ત્યારે તેની ચારે બાજુની ભીંતો ઉપર એકીસાથે પચીસ પચાસ રોટીઓ મૂકવામાં આવે છે અને તેને પાકતાં પૂરી પાંચ મિનિટ પણ નથી લાગતી. એક સાથે પચીસ જણ જમવા બેઠા હોય તો એક જ રસોયો દરેકને ગરમ રોટી પૂરી પાડી શકે છે. આ રોટીમાં જરાપણ મોણ હોતું નથી. છતાં તે ત્યાં હલકો ખોરાક જ ગણાય છે. બજારમાં અનેક દુકાનો આ રોટીઓની હોય છે. ત્યાં ગમે ત્યારે, જોઈએ તેટલી રોટી અને દાળ તાજાં મળી શકે છે. ભાવ પણ સસ્તો. આ સગવડથી ઘણાંખરાં કુટુંબો રાંધવાની ખટપટ કરતાં નથી અને યૂરોપની પેઠે તેમને ઘેર દુકાનેથી ખાણાં આવે છે, અને ઘણા દુકાને જઈને જ ખાઈ આવે છે.

મેવાનો મુલક અફઘાનિસ્તાન નજીક હોવાથી ત્યાં મેવો પુષ્કળ આવે છે, પણ પ્રમાણમાં જેટલો સોંઘો અને ઉત્તમ મળવો જોઈએ તેટલો મળતો નથી. તેનું કારણ એ છે કે તેનું નૈવેદ્ય પહેલું રાજકર્તાઓને ધરાય છે.

ત્યાંનો પહેરવેશ ખાસ જુદો છે. સ્ત્રીઓ પાયજામા પહેરે છે. કેટલીક સ્ત્રીઓ પાય-જામા ઉપર ઝૂલતો લેંઘો પહેરે છે, અને તે ઉપર અહીંના મુસલમાનોની પેઠે એક લાંબું પહેરણ અને ઉપર ચોરસા જેવું ઓઢે છે. પુરુષો પણ મોટે ભાગે પાયજામા પહેરે છે. ગરમ કપડું—ખાસ કરી કાશ્મીરી કિંમતી કપડું—વધારે વપરાય છે. આનું કારણ કાશ્મીરનું નજીકપણું અને ઠંડીની સખ્તાઈ છે. ત્યાં ટાઢ એટલી બધી પડે છે કે મારા ગુજરાતી મિત્રનાં પત્ની તે જ કારણે ત્યાંના વસવાટથી કંટાળી જ ગયાં લાગતાં હતાં. ગરમી પણ એટલી જ સખત પડે છે. આટલી ગરમી અને શરદી છતાં ત્યાંના લોકો ખૂબ નીરોગી અને પુષ્ટ છે. ત્યાં ડૉકટરો અને વૈદ્યોની સંખ્યા પ્રમાણમાં બહુ જ થોડી છે. અમદાવાદની જેમ જ્યાં જુઓ ત્યાં દવા વેચનારા નથી દેખાતા. ઊલટું જેને મળો તે મજબૂત, હસતો અને ખુશમિજાજી દેખાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ત્યાંના બાળકોમાં કાંઈક એવું સૌંદર્ય છે જે અહીં રહેનારાને ન જ સમજાય.

ત્યાંની બનાવટમાં ત્રાંબા–પિત્તળનાં વાસણો ખાસ ગણાવવા જેવાં છે. તેની ધાતુ ઉત્તમ, આકાર સુંદર અને મજબૂતાઈ તથા નકશીને લીધે તે કિંમતી હોય છે.

પણ ત્યાંની એક પ્રથાથી અમને બહુ જુગુપ્સા થઈ. ત્યાં વેશ્યાની સંખ્યા બહુ જ વિષમ છે. દરેક ખાણાની દુકાન ઉપર અથવા પાસે એક વેશ્યાની દુકાન પણ હોય છે.

ત્યાંના લોકોની પ્રકૃતિ સરળ તો ખરી જ, પણ તેટલી જ મતાંધ અને જડ. આ કારણથી તેઓમાં ધાર્મિક ઝનુન તીવ્ર છે. હિંદુઓ અને મુસલમાન વચ્ચે જ વિખવાદ છે એમ નહિ, પણ સનાતની અને આર્યસમાજી, સનાતની અને જૈન, આર્યસમાજી અને જૈન, જૈનોમાં પણ સ્થાનકવાસી અને મૂર્તિપૂજક, શીખો અને બીજા સંપ્રદાયો એ બધા વચ્ચે ધાર્મિક વાદવિવાદો અને ઝઘડાઓ બારે માસ ચાલ્યા જ કરે છે. લગભગ ૧૭ વરસ પહેલાં સનાતન અને જૈન સંપ્રદાય વચ્ચે એક મહાન શાસ્ત્રાર્થ થયો હતો. તે વખતે એક મારા ખાસ મિત્ર જૈન સમાજ તરફથી ગયેલા અને સનાતન સમાજ તરફથી તે સમાજના અતિ પ્રસિદ્ધ પંડિત ભીમસેન, જ્વાલાપ્રસાદ અને ગોકુલચંદ્ર દિવસના સો સો અને પોણોસો પોણોસોની ફીએ ગયેલા. આ શાસ્ત્રાર્થ નિમિત્તે એક માસ સુધી ઝઘડો ચાલેલો. આવા ઝઘડાઓ માટે ત્યાં બ્રહ્મ અખાડા નામનું સ્થાન છે. તે સ્થાન જોવાની મારી ઉત્કટ ઇચ્છા હતી. રાત્રે નવ વાગે ગયો ત્યારે એક સનાતની પંડિત બીજા સંપ્રદાયોનું ખંડન કરવા ભાષણ આપતા હતા. શ્રાદ્ધ પિતૃઓને મળે છે, તીર્થો ખોટાં નથી, જાતિભેદ ખરો છે વગેરે માત્ર પારલૌકિક વિષયો ઉપર જ તે બોલતા હતા. અને એ પચીસ પચાસ શ્રોતાઓને આગ્રહપૂર્વક કહેતા હતા કે મારા પછી બોલવા ઊઠનાર દરેક બ્રહ્મચારી–વિદ્યાર્થી સંસ્કૃતમાં જ બોલશે. તમે તેઓને સાંભળી તેઓના સંસ્કૃત જ્ઞાન વિશે જાણો એમ હું ઇચ્છું છું. આ શ્રોતાઓમાં કોઈ સંસ્કૃત જાણતો હોય એમ મને લાગતું નહોતું. અલબત્ત, સંસ્કૃત અભ્યાસની આટલી બધી મહત્તા અને સંસ્કૃત શાસ્ત્રોના અધ્યયનનું આટલું બધું ગૌરવ જે આજકાલ પંજાબમાં દેખાય છે તેનું માન સ્વામી દયાનંદ અને આર્યસમાજને ઘટે છે; પણ સાથે સાથે જે ત્યાં વાદવિવાદની ઘેલછા જાગેલી જોવાય છે તેનું માન પણ તેઓને જ ઘટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં બજારને મંડી કહે છે અને તેમાં અનાજની મંડીઓ ખૂબ મોટી છે. ગુજરાત અને કાઠિયાવાડના અનેક માણસો એ મંડીઓમાં દેખાય છે. તેઓ લાખોનો ધંધો કરે છે. લીંબડીના એક વેપારી જૈન ગૃહસ્થને મેં પૂછ્યું કે પંજાબમાં તમને કેવું માફક આવે છે. તેઓએ કહ્યું કે આ દેશમાં અમારે ખાસ રહેવાનું કે ખાવાપીવાનું ઠેકાણું–ઘર જેવું નથી. જંગલ જેવા સ્થાનમાં બારે માસ વા–વંટોળિયા ચાલતા હોય ત્યાં ઝૂંપડાં બાંધી ઘણી વાર તો બબ્બે ચારચાર દિવસ માત્ર ચણા ખાઈ રહીએ છીએ, છતાં આરોગ્ય ઘણું સારું રહે છે. પંજાબમાં આવ્યા પછી કાઠિયાવાડનું એકવડિયું શરીર બદલાઈ ગયું છે અને પેદાશ પણ સારી છે.

હું હતો તે દરમિયાન જૈન સમાજમાં બે ત્રણ મરણ થયેલાં. તે બાબત પૂછતાં જણાયું કે ત્યાં મરણ થયા પછી અમુક જાતનો ઉત્સવ મનાવવાની રીત છે. જો વૃદ્ધનું મરણ હોય તો મરનારના કુટુંબની સ્ત્રીઓ ખાસ કપડાં પહેરે છે અને ગુલાલ ઉડાડે છે. રોવા–પીટવાની ત્યાં રીત નથી.

પંજાબમાં વર્ણભેદ નહિ જેવો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વચ્ચે તો ખાવાપીવાના વ્યવહારમાં ભેદ નથી જ એમ કહીએ તો ચાલે. રસોયો બ્રાહ્મણ હોય અને પીરસનાર બીજા વર્ણનો હોય તો કોઈને વાંધો ગણાતો નથી. ચોખ્ખાઈ ત્યાં નથી એમ કહેવું જોઈએ. સંયુક્ત પ્રાંત, બિહાર, બંગાળ, અને દક્ષિણ કરતાં ગુજરાતમાં અસ્વચ્છતા હોવાની ફરિયાદ સંભળાય છે. પણ પંજાબ તો સૌને આંટે એવું છે. જ્યાં બેસે ત્યાં જ થૂંકે, ગમે તેવી જમીન ઉપર ખાવાનું મૂકીને ખાય અને હેઠે પડી ગયેલું લઈને ખાવામાં બિલકુલ સંકોચ નહિ. જે ધનવાનોને ત્યાં ચાંદીનાં વાસણો હતાં તેને ત્યાં પણ અસ્વચ્છતા પૂરી જોવામાં આવી. ભીંતો ઉપર દીવેલના લપેડા અને રેલા, વાસણો જમીને મૂકી દેવાનાં, ઊટકનાર ગમે તેવાં ઊટકે. બિહાર, સંયુક્ત પ્રાંત વગેરેમાં મચ્છીમાર જેવી હલકી વર્ણ પોતાનાં વાસણો ડાઘા વિનાનાં રાખે છે. ડાઘાવાળા ઠામને એઠું સમજી ત્યાં તેઓ ખાવાનું નહિ લે. પણ અહીં તો એ સંબંધી કશી સૂગ જ નથી.

છાશ–દહીંની વાપર બહુ છે. હમેશાં નાહતી વખતે એટલું બધું અને એવું સારું દહીં આવે કે મારા જેવાની તો તેને સ્નાનમાં વાપરવાની હિંમત જ ન ચાલે. છાશ કચ્છના જેવી જાડી, મોળી અને તાજી મળે છે. ભોજન પછી છાશ પીવાનો ત્યાં બહુ જ રિવાજ છે. છાશને તેઓ લસી કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસોઈ પકવવા વગેરેનું કામ ચૂલા ઉપર થાય છે. અહીંની પેઠે ત્યાં સ્ટવનો ઉપયોગ થતો નથી. ત્યાંના દૂધમાં, ત્યાંની રસોઈમાં કાંઈક ઓર જ મીઠાશ આવે છે.

અમૃતસર

ગુજરાનવાલામાં ૧૧ દિવસ રહીને અમે અમૃતસર આવ્યા. અમૃતસરની બજારો ને શેરીઓ ગુજરાનવાલા કરતાં બહુ જ ચોખ્ખી હતી. અહીંનું પ્રથમ જોવા જેવું સ્થાન શીખોનું સુવર્ણમંદિર હતું. એ મંદિરની ભવ્યતા જાણીતી છે. મંદિર વિશાળ, સોનાથી જડેલું અને તળાવની વચ્ચે શહેરના મધ્યભાગમાં છે. આ તળાવનું પાણી અમુક દિવસ પછી કાઢી નાખી બીજું તાજું પાણી ભરવામાં આવે છે. મંદિરમાં શીખોનો ગ્રંથસાહેબ એ જ પ્રધાન પૂજ્ય વસ્તુ છે. ગ્રંથસાહેબની ચોમેર ભક્ત સ્ત્રી–પુરુષોનું એક મોટું મંડળ સતત વીંટળાયેલું હોય જ અને ખૂબ જ ગાનવાદન ચાલતું હોય. હારમોનિયમે તો ત્યાં પણ જૈન મંદિરોની પેઠે એટલો બધો પગપેસારો કર્યો છે કે આપણા પ્રાચીન સુંદર અને ઉસ્તાદી વાદ્યોને સ્થાન રહ્યું નથી. નવાં વાદ્યોની પેઠે ગાનો પણ એવાં ક્ષુદ્ર થઈ ગયાં છે કે પંજાબની એ પ્રાચીન કંઠકળા અને હૃદય–બળ આજે વિરલ જ છે. મંદિરના ચોકમાં હલવા (શીરા) ની પ્રસાદી ચાખી બહાર નીકળ્યા. થોડા દિવસ પહેલાં શીખો અને વૈષ્ણવો વચ્ચે ધાર્મિક ખેંચતાણ થએલી. કેટલાક વૈષ્ણવોને શીખ મંદિરમાં જતા સાંભળી તેઓને વૈષ્ણવ ધર્માચાર્યોએ ઉશ્કેર્યા. પરિણામે એ સુવર્ણમંદિર જેવું બીજું વૈષ્ણવ સુવર્ણમંદિર બંધાયું. આ મંદિર 'દૂરગ્યાના' સ્થાન ઉપર શહેરના બહારના ભાગમાં આવેલું છે. એ મંદિર સ્પર્ધાજનિત હોઈ તેમાં સોનું વાપરવામાં આવ્યું છે. મંદિરની રચના, તેનું પ્રમાણ એ બધું શીખમંદિર જેવું જ છે. તળાવ પણ તેવું જ, બલ્કે વધારે વિશાળ છે. એક તરફના ભાગની લંબાઈ ૨૫૦ કદમથી વધારે છે. શીખમંદિર કરતાં આ મંદિરની વિશેષતા મને એ જણાઈ કે અહીં લંગરશ્રી છે. લંગરશ્રી એટલે ભોજનગૃહ. તેમાં વિદ્યાર્થીઓ, પંડિતો કે સાધુ–સંતોને ખાવાપીવાની સગવડ છે. સાથે એક સંસ્કૃત પાઠશાળા પણ છે. આ મંદિરનું ઉત્થાપન મારા ગયા પહેલાં થોડા દિવસ અગાઉ જ પંડિત માલવિયાજીએ કરેલું. જો કે અમૃતસરમાં જનારને એકને બદલે બે મંદિર જોવાનાં થયાં એ આનંદની વાત છે, પણ આ મંદિરસૃષ્ટિ ધાર્મિક ઝનૂનમાંથી ઉત્પન્ન થયેલી હોવાને લીધે તેટલી જ દુઃખકારક છે. અમૃતસરમાં મારે એક પંડિતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુલાકાત કરવાની હતી. અલબત્ત, એ પંડિત બહુ સારા વિદ્વાન છે પણ તે વામમાર્ગી અને પોતાના સિદ્ધાન્ત વિશે તેટલા જ પાકા અને નિશ્ચિત છે. તેઓ સ્પષ્ટ કહે છે કે માંસ અને મદ્ય વેદમાં ન હોવાનું કહેવું એ વેદ અને સનાતન ધર્મનું તદ્દન અજ્ઞાન સૂચવે છે. અલબત્ત, અમૃતસરમાં સંસ્કૃત વિદ્યાનો કંઈક સારો પ્રચાર કહેવાય. જો કે આજકાલના શિક્ષણમાં જીવનોપયોગી તત્ત્વ અને ઉપયોગીતાવાદને સ્થાન નથી. શિક્ષણ માત્ર મૌખિક અને મુખ્ય ભાગે વિવાદની દિશામાં પ્રેરનારું હોય છે, છતાં વિદ્યાર્થીઓ અને પંડિતોની સંખ્યા સારી છે.

શીખોની વસ્તી અહીં ખૂબ હોય એ સ્વાભાવિક છે; કારણ કે એ શીખોનું મુખ્ય ધામ છે. ગમે તેવો શીખ અહીં સરદાર જ કહેવાય છે. અને 'સરદાર' સંબોધન રસ્તામાં ઘણીવાર સંભળાય છે. અહીં પણ કદાવર અને બળવાન શરીર જોવા મળે છે.

મારા ઉતારાની નજીકમાં એક સાધુમાર્ગીઓનો ઉપાશ્રમ હતો. તેને ચોથે માળે સાધુઓ રહેતા. ત્યાં લગભગ પોણોસો વરસના એક વૃદ્ધ તપસ્વી સાધુ હતા. મેં તેઓને કેટલાક પ્રશ્નો કર્યા. તેઓના ઉત્તરમાં સત્ય કરતાં સાંપ્રદાયિકતા અને સમભાવ કરતાં ઝનૂન વિશેષ હતાં. એ પંજાબી પ્રકૃતિનું પ્રતિબિંબ મને ત્યાં પણ જણાયું

બિનોલી અને બડોદ

અમૃતસરથી સહરાનપુર થઈ મેરઠ જિલ્લાના એક બિનોલી ગામમાં જવાનું હતું. ત્યાં જતાં ખાસ વિશેષતા ફળોની અને સ્થળોની અનુભવાઈ. ફળમાં ખાસ કરીને લુકાટ હતાં. આ ફળ મોટા બોર જેવું હોય છે અને ગરમીમાં થાય છે. તે ખટુમધુરું, સ્વાદિષ્ટ તથા પુષ્ટિકારક હોય છે. એ ફળો ત્યાં એટલાં બધાં પાકે છે કે આ તરફ જેમ નાગપુરી સંતરાં પ્રસિદ્ધ છે તેમ ત્યાં સહરાનપુરી લુકાટ-પ્રસિદ્ધ છે. શેરડી પણ તેટલી જ થાય છે. ઘણાં વર્ષ પહેલાં એકવાર મારા મિત્રે મને કહેલું કે સહરાનપુરનું બજાર કાળા રંગનું છે. કારણ, ત્યાં શેરડીને લીધે ચોમેર માખીઓ છવાયેલી હોય છે. આ ઉપરાંત આંબાનો પાક પણ પુષ્કળ છે. આ પ્રદેશ ગંગાયમુનાની મધ્યનો છે. ત્યાં જ્યાં જુઓ ત્યાં નહેર માલૂમ પડે છે. નહેરો હોવાને લીધે વરસાદની ખાસ જરૂર રહેતી નથી. અનેક જાતની પેદાશ છતાં ત્યાંના લોકોમાં કંગાલિયત તેટલી જ છે. અંદરોઅંદર લડવાનું, કોર્ટે ચડવાનું,

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

અને દારૂ વગેરે કેફી ચીજો પીવાનું પરિણામ શિક્ષણ સાથે જ વધ્યું છે અને વધતું જાય છે. ત્યાં જાટની પુષ્કળ વસ્તી છે, પણ તેઓ કાઠિયાવાડના ગિરાસદારોની પેઠે વ્યસનમાં અને કોર્ટમાં ખુવાર થઈ ગયા છે.

અમે બડોદ સ્ટેશને ઊતર્યા. બડોદ એ એક કસબો છે. ત્યાં પ્રમાણમાં જૈનોની વસ્તી સારી છે. ત્યાંના કંદોઈ પણ જૈનો જ છે. તેમાંયે દિગંબર સંપ્રદાય મોટો છે. એ લોકોની એક હાઈસ્કૂલ ચાલે છે. બડોદની ભાગોળમાં થઈ બિનોલી જવા નીકળ્યા ત્યારે એક બાજુ એ હાઈસ્કૂલના મેદાનમાં વિદ્યાર્થીઓનું સંગીત દૂરથી સંભળાયું. એ સંગીતની ઢબ ઉપરથી જ એ દિગંબરની કોઈ સંસ્થા હોવાનું મેં કલ્પેલું. જે પાછળથી સાચું પડ્યું. એ વખતે ત્યાં કોઈ ઉત્સવ ઊજવાતો હતો. એ હાઈસ્કૂલ ત્યાંના એક જમીનદાર દિગંબર ગૃહસ્થ ચલાવે છે. થોડીક સરકારી ગ્રાન્ટ બાદ કરતાં બાકીનો બધો ખર્ચ તે જ પૂરો પાડે છે. એને જ અંગે એક બોર્ડિંગ પણ છે; જેમાં માત્ર જૈન વિદ્યાર્થીઓ જ રહે છે.

વિલાસ માટે વાનપ્રસ્થ

એક તરફ વિદ્યાપ્રેમી ગૃહસ્થોની સન્માર્ગે ઉદારતા અને બીજી તરફ વિલાસજીવી જમીનદારોનો દુર્વ્યસનોની પાછળ સર્વસ્વ ત્યાગ એ બન્ને મને એક જ સાથે આ પ્રવાસમાં અનુભવાયાં. એક મોટી આવકવાળો દિગંબર જમીનદાર જેને બાળબચ્ચાં નથી અને ધારે તો એ ત્રણ હાઈસ્કૂલો સ્વતંત્ર ચલાવી શકે તેને પણ તે તરફ જ જોયો. એનું કામ નવી નવી તરુણીઓ શોધવાનું અને તેને અંગે આવશ્યક વ્યસનો કે ખટપટો સેવવાનું સાંભળ્યું ત્યારે જાતિ અને ધર્મમાં દાખલ થયેલ વિષનું ખરું ભાન થયું. લગભગ વીસ વર્ષ પહેલાં આરા શહેર (બિહાર) ગયેલો ત્યારે એક સંસ્કૃત વિદ્યાના અભ્યાસી દિગંબર વિદ્યાર્થીનો મિત્રભાવે પરિચય થયેલો. એ વ્યક્તિ એક મોટા જમીનદારનો પુત્ર છે. તેણે કોઈ વાર પોતાના વતનમાં આવવા મને કહેલું. અચાનક મેરઠ જિલ્લા તરફ આવવાનું બનવાથી, એવી ધનાઢ્ય સ્થિતિમાં પણ ખાસ કરીને તેના સંસ્કૃત વિદ્યાના રસને લીધે મળવાનું મન થયું. પણ પૂછપરછ કરતાં તેની વિષમ સ્થિતિ કાને પડી. આજે તો એણે સંસ્કૃત વિદ્યાનાં પોથાં ફેંકી દીધાં છે, બીજાં પણ સામાજિક કે ધાર્મિક કામોથી વાનપ્રસ્થ મેળવ્યું છે, અને હવે તો તેમણે વિલાસ માટે જ સંન્યાસ લીધો હોઈ બધી સંપત્તિ બરબાદ કરવા માંડી છે. આ વ્યક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહસપુરનો એક જમીનદાર છે. આ બધી સ્થિતિ સાંભળતાં અને જોતાં દેશની દશા ઉપર અનેક વિચારો આવ્યા. દેશની ગરીબી તો એવી કે ઘણાકને બે વાર ખાવા પણ ન મળે. એટલું જ નહિ, પણ એક વાર પૂરું પેટ ન ભરી શકનાર કરોડો છે. બીજી બાજુ નોકરોને પાન અને બીડીની પેઠે ફૂંકી દેનાર વર્ગ ઊભો છે. એ વર્ગ પૈસા, લાગવગ અને સત્તાને લઈ પ્રતિષ્ઠિત ગણાય છે. રાજક્ષેત્રમાં, સમાજમાં, ધાર્મિક ક્ષેત્રોમાં એની જ હાક વાગે છે. જેટલું શિક્ષણ અત્યારે મળે છે તે બધું તેને પોતાને અને તેના આશ્રિતોને માટે ઝેર રૂપે પરિણમે છે. આ રાજસત્તાના અનેક મજબૂત સ્તંભોમાં આવો આત્મભાન વિનાનો, પદવીઘેલો ધનિક વર્ગ એ એક મજબૂત સ્તંભ છે.

આડત આડત આડત

બડોદમાં અનેક વસ્તુઓની ખાસ મંડીઓ છે. સાકર આજુબાજુથી તૈયાર થઈ પુષ્કળ આવે છે ને પરદેશ ચડે છે. પાછળથી ઓળખાણમાં આવેલા એક મારવાડી શિરોહી સ્ટેટ તરફના વતની જૈન ગૃહસ્થે મને કહ્યું કે અહીં મારી આડતની દુકાન છે ને હું બાર મહિને લાખો રૂપિયાનું સાકર, ગોળ ને અનાજ પરદેશ રવાના કરું છું. સાકર અમે ખાધી. ખૂબ મીઠી. આપણા દેશમાં શેરડી, ગોળ અને સાકરની પેદાશનાં પૂરાં સાધનો છતાં આજે પરદેશથી લાખો રૂપિયાની તેની આયાત થઈ રહી છે. તેનાં કારણો ઉપર નથી વ્યાપારીઓ વિચાર કરતા કે નથી દેશી રાજાઓનું ધ્યાન. ખરી રીતે આવા અનેક ઉદ્યોગો તુરત પગભર થઈ શકે તેવી સ્થિતિ આપણા દેશના ઘણા ભાગની છે; પણ પરદેશીઓ સાથે હરીફાઈમાં ટકવા માટે જે સંગીન વ્યવસ્થા, શિક્ષણ, ધન અને રાજરક્ષણ જોઈએ તે નથી. આ દેશમાં વ્યાપારીઓ નવીન પરિસ્થિતિમાં ટકી શકે એવું શિક્ષણ નથી અને પૈસાપાત્ર લોકોને પૈસાનો ઉપયોગ ક્યાં અને કેમ કરવો એનું જ્ઞાન, સાહસ, વિશ્વાસ કે ત્યાગ નથી; તેથી જ જ્યાં દેખો ત્યાં માત્ર આડત, આડત ને આડત જ નજરે પડે છે. ક્યાંયે મૂળ ઉત્પાદક ધંધો નથી જણાતો.

પ્રવાસના વર્ણનમાં આ કથન અપ્રાસંગિક જેવું ગણવાની કોઈ ભૂલ ન કરે. મારી દૃષ્ટિ તો જેટલું જાણી શકાય તેટલું જાણવાની જ હતી. એટલે આ પ્રસંગે એ ન જણાવું તો ઊલટો સંકુચિતપણાનો દોષ જ વહોરું. અસ્તુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રદેશમાં ફળોની પેદાશ વિષે એટલું જ કહેવું બસ છે કે ખાસ મોસમોમાં દાડમ, સંતરાં વગેરે મોંઘાં ગણાતાં ફળો ત્યાં તદ્દન સસ્તાં થઈ જાય છે અને એક મારા બનારસના પરિચિત, હમણાં દિગંબર જૈન હાઈ-સ્કૂલમાં ધાર્મિક શિક્ષકનું કામ કરતા પંડિતે મને કહ્યું, કે હું મારો દેશ બુંદેલખંડ છોડી અહીં રહ્યો છું તેનાં ખાસ કારણોમાં ફળની સુલભતા પણ એક છે, તેથી જ હું પુષ્ટ રહું છું.

જીવનમાં યોગવાસિષ્ઠ

બડોદથી ચાલી નવ માઈલ ઉપર બિનોલી જવાનું હતું. સામાન ત્યાં જ વિશ્વસ્ત સ્થળે રાખી ચાલ્યા. તડકો, ભૂખ અને ચાલવાનો શ્રમ એ બધાં એકત્ર મળ્યાં અને અમને પાણી માટે પ્રેર્યા. લગભગ ત્રણ માઈલ ચાલ્યા હઈશું ત્યાં એક વિસામો આવ્યો. એક કૂવો, ઉપર દોરડીવાળી ડોલ, પાસે બગીચો, આંબાનાં ઝાડો અને એક કુટિરમાં બાવાજી. પાણી પીધા પહેલાં સુગંધથી લલચાઈ ગભરામણ દૂર કરવા ગુલાબના ફૂલ તરફ ધ્યાન ગયું. માગું–ન માગું એ વિકલ્પમાંથી પસાર થઈ છેવટે બાવાજી પાસે એક માત્ર ફૂલ માગ્યું. કાં તો ધમકી કે ચીપિયો ઉગામવાનો ભય અને કાં તો એ બાવાની સહજ પ્રસન્નતા ! એમણે કહ્યું: ' આખો બગીચો તમારો જ છે ને ? પ્રભુએ આ સૃષ્ટિ સૌના સુખ માટે સરજી છે. ફૂલ શું, જે જોઈએ તે લો. ખરેખર, બાવાજીના આ હાર્દિક ઉદ્‌ગારથી જે થાક દૂર થયો તે ગુલાબના ફૂલોથી કે બીજી વસ્તુઓથી કદી જ દૂર ન થાત. અર-બસ્તાનનું આતિથ્ય વખણાય છે, પણ અનુભવ્યું નથી. કાઠિયાવાડના અને બીજા ભાગોના આતિથ્યનો અનુભવ છે, પણ બાવાના એ ઔદાર્યે તો અમને જૂના ભારતના આતિથ્ય અને સહજ સરલપણાની યાદ આપી. બાવાજીની પાસે યોગવાસિષ્ઠનું પુસ્તક પડ્યું હતું. પ્રેસના ભૂતને પ્રતાપે એવાં ધર્મપુસ્તકોની પહોંચ તો આજે ઘેરઘેર છે. એ પુસ્તકો ઉપર આજી-વિકા કરતા હજારો બાવા, બ્રાહ્મણ અને બીજા ધર્મ–ગુરુઓને જોયા છે, પણ જીવનમાં જ યોગવાસિષ્ઠ ઊતર્યું હોય. એવા બાવાઓ તો બહુ વિરલ જ જોયા છે. તેમાંના આ બાવા. આ બાવાને જોઈ કાકા કાલેલકરના હિમાલયના પ્રવાસમાંના પ્રવૃત્તિમાર્ગે કર્મયોગી ખખડધજ બાવાનું સ્મરણ થઈ આવ્યું. અમારે હજી છ માઈલ ચાલવાનું હતું. ઊઠવા માંડ્યું. પણ બાવાજીએ કહ્યું: ' રાત પડશે, અહીં રહી જાઓ. દૂધ વગેરે અહીં પ્રસાદી મળશે.' અમે તો કૃતઘ્નતાપૂર્વક નમસ્કાર કરી બિનોલી તરફ આગળ વધ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત્રે ત્યાં પહોંચ્યા. બિનોલી એ એક તદ્દન નાનું ગામડું છે, જેમાં મુખ્યભાગ જૈનોનો અને તેમાંય સ્થાનકવાસી જૈનોનો છે. એ ગામની થોડે દૂર બે નદીઓ ખૂબ વહે છે. કૂવાઓ પુષ્કળ છે. આંબાના મોટા મોટા બગીચાઓ છે. ઘઉં, શેરડી, વગેરે પુષ્કળ પ્રમાણમાં પાકે છે.

વયોવૃદ્ધ કીર્તિપ્રસાદજી

મારો ઉતારો એક મોટા જમીનદારને ત્યાં હતો. એ ચાર ભાઈઓમાં બે વકીલ અને તેમાંયે એકે તો અસહયોગ વખતે વકીલાત છોડી છે. વકીલાત છોડ્યા પછી તેઓનું જીવન તદ્દન બદલાઈ ગયું છે. આજે એ વયોવૃદ્ધ કીર્તિપ્રસાદજી ગુજરાનવાલા જૈન ગુરુકુળના અવૈતનિક અધિષ્ઠાતા છે. તેઓ અર્ધો કલાક તો રેંટિયો ફેરવે જ. તેમણે શરૂઆતમાં ડિસ્ટ્રીક્ટ બોર્ડ મારફત અનેક નિશાળોમાં રેંટિયા અને શાળો દાખલ કરાવેલાં. એ બાબુજી તો હજી પણ મહાત્માજીના સિદ્ધાન્તોમાં તેટલા જ પાકા છે. પાંચ અને દશ વર્ષ પહેલાંના તેમના પરિચય વખતે મારી સામાન્ય એવી કલ્પના થયેલી કે પંજાબ અને યુ. પી. ના લોકોમાં બંગાળ, દક્ષિણ કે ગુજરાત જેવું બુદ્ધિસૂક્ષ્મત્વ નથી હોતું. આ કલ્પના કદાચ ખોટી કે એકદેશીય હશે. ગમે તેમ હો પણ આ વખતના એ બાબુજીના પરિચયે મારા ઉપર જુદી જ છાપ પાડી. તેમના પરિચયથી હું એમ માનતો થયો કે શિક્ષણ અગર અભ્યાસનું પ્રમાણ જરાયે ન વધ્યું હોય, પ્રથમ જેટલું જ હોય અને છતાં જો મનુષ્યના ચારિત્રમાં વિકાસ થાય તો એ શિક્ષણ અને અભ્યાસ બહુ દીપી ઊઠે છે, એટલું જ નહિ પણ તેમાં ઊંડાણ માલૂમ પડે છે. ખરી રીતે ચારિત્ર એ શિક્ષણની સુવાસ છે.

જૈનાચાર્ય વિજયવલ્લભસૂરિ

બિનોલીમાં મારે મુખ્ય જેને મળવું હતું તે હતા જૈનાચાર્ય વિજય વલ્લભસૂરિ. એઓશ્રી જન્મે ગુજરાત અને વડોદરાના છે. પ્રસિદ્ધ જૈનાચાર્ય આત્મારામજીના એઓ શિષ્ય છે. તેઓનું મુખ્ય જીવન પંજાબમાં વ્યતીત થયું છે. તેઓના વિચારમાં સંકીર્ણ સાધુ સમાજની છાપ બહુ જ ઓછી છે. આજે જૈનોને શું જોઈએ છે એ, તેઓ પ્રમાણમાં બીજાઓ કરતાં ઠીક સમજે છે; તેથી જ સ્થળે સ્થળે વિદ્યા, કોઈ પણ જાતની વિદ્યાના પ્રચાર માટે જ તેઓ મહેનત કરે છે. મુંબાઈનું મહાવીર જૈન વિદ્યાલય અને ગુજરાનવાલાનું ગુરુકુળ એ તેઓની વિદ્યાપ્રિયતાના નમૂનાઓ છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરસામાં ત્યાં ચૈત્ર સુદ ૧૩ આવી એટલે મહાવીર જયંતીનો દિવસ. જૈનાચાર્ય વિરાજમાન અને જૈન સંપ્રદાયના પ્રધાન પુરુષ ભગવાન મહાવીરની જયંતી એટલે સામાન્ય રીતે જ તે વખતે મારે કાંઈક બોલવું એવી માગણી થઈ. તેમના અતિ આગ્રહને વશ થઈ તે પ્રસંગે જે થોડુંક હું બોલ્યો હતો તેનો ટૂંક સાર પ્રસ્થાનના વ્યવસ્થાપકનો તેટલો જ આગ્રહ હોવાથી વિષય બહાર હોવા છતાં અત્રે આપું છું.

મહાવીરજયંતી પ્રવચન

'હિંદુસ્તાનમાં માત્ર દેવપૂજા નથી, તેમાં પુરુષપૂજા પણ છે, અને અત્યારે તે મુખ્ય છે. જે પુરુષોની પૂજા અસાધારણપણે ચાલે છે તે ચારે ક્ષત્રિય છે. રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર એ ચારે ક્ષત્રિય પુરુષો આર્ય જાતિના વિશિષ્ટ આદર્શોના આત્મા છે. રામે કુટુંબમર્યાદા અને પ્રજાનીતિનો આદર્શ પૂરો પાડી મર્યાદાપુરુષોત્તમ તરીકેની ખ્યાતિ મેળવી છે. કૃષ્ણે વિપત્તિમાં માર્ગ કાઢવાની કુશાગ્ર બુદ્ધિ દાખવી જગત સમક્ષ કર્મયોગ મૂક્યો છે. બુધ્ધે વૈયક્તિક જીવનની શાન્તિ માટે ધ્યાન અને સમષ્ટિ જીવનની શાન્તિ માટે દયાનો માર્ગ દાખવ્યો છે, ત્યારે મહાવીરે સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રાણીને પણ પોતાના તરફથી જરાએ ત્રાસ ન થાય એવી રીતે કઠોરતમ સંયમ અને તપોમાર્ગ જીવનમાં ઉતારી, હજારો અગવડોનું હસતે ચહેરે પાન કરી અહિંસાનો પાઠ શીખવ્યો છે. આ વારસો માત્ર આર્યજાતિનો નથી પણ તે દ્વારા સમસ્ત વિશ્વનો છે.

'રામની જન્મતિથિ રામનવમીને જૈનો પણ જાણે જ, કૃષ્ણની જન્માષ્ટમીને ન જાણનાર બાળક પણ અહીં નહિ હોય; પરંતુ બુદ્ધની જન્મતિથિ જાણનાર વિદ્વાનો પણ આ દેશમાં કેટલા છે એ પ્રશ્નનો ઉત્તર મેળવવા જનાર સહૃદયને તો આંસુ સારવાં પડે. મહાવીરની જન્મતિથિ જાણનાર જૈનો કહેશે કે બુદ્ધને અને અમારે લેવાદેવા શા છે? પણ જો તેઓ આ રીતે એક મહાન પુરુષ વિષે ઉદાસીન રહેવા માગતા હોય તો પછી પોતાના માન્ય મહાવીરને સાંભળવા બીજાઓ આવે એવી આશા રાખવી ખરેખર વધારે પડતી જ ગણાય. આપણા લોકોની જ્ઞાનસંકીર્ણતા અને સંપ્રદાયાંધતા એ બે તત્ત્વોએ જ આપણને સામાજિક, ધાર્મિક, કે રાજકીય ક્ષેત્રમાં ગુલામ બનાવી રાખ્યા છે. રામનો ભક્ત કૃષ્ણ, બુદ્ધ કે મહાવીર વિષે કાંઈ ન જાણે:—અથવા માત્ર વિરોધની દૃષ્ટિએ જાણે, તેવી જ રીતે કૃષ્ણ, બુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મહાવીરના ભક્તો તદ્દન પડોશમાં રહેવા છતાં અને અનેક વ્યાવહારિક બાબતોમાં સહજીવન ગાળવા છતાં એક બીજાના માન્ય પુરુષો વિષે સાચી માહિતી ઉદાર દૃષ્ટિથી ન મેળવે એ જ હિંદુસ્તાનની જ્ઞાનપામરતા. જ્ઞાન ગમે તે દિશામાંથી આવે પણ તે મેળવવું જ જોઈએ. પણ આપણી સંકીર્ણતા એટલે સુધી વધી છે કે એક જ મહાવીરને માનનાર શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણ ફિરકાઓના અનુયાયીઓ પણ આવે પ્રસંગે ભાગ્યે જ એકત્ર થાય છે. મહાવીરના જીવનનાં અનેક અસાધારણ રહસ્યો છતાં બીજાં કેટલાંયે જીવનોપયોગી એવાં રહસ્યો છે કે જેને ખાતર રામ, કૃષ્ણ અને બુદ્ધના જીવનનો ઊંડો તથા તાત્ત્વિક અભ્યાસ કરવો જોઈએ. એ જ વાત રામ, કૃષ્ણ અને બુદ્ધના ભક્તને મહાવીરના જીવનના અભ્યાસ વિષે કહી શકાય. બુદ્ધ અને મહાવીરે લગભગ ત્રીસ ત્રીસ વર્ષની ઉંમરે સ્ત્રી-પુત્રાદિક કુટુંબ છોડી સાધના માટે જંગલનો મંગલમય માર્ગ સ્વીકાર્યો ત્યારે રામ અને કૃષ્ણે તો પોતાના આદર્શો કુટુંબ, પ્રજા અને રણાંગણ વચ્ચે જ ઘડ્યા હતા. આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવનના ભિન્ન ભિન્ન સંસ્કાર ધરાવનાર જનસમાજને એ મહાપુરુષોના એકે તત્ત્વ વિના ન ચાલે. સ્વામી દયાનંદ આર્યસમાજના સ્થાપક છે, તે કાંઈ જૈન નથી એમ ધારી તેઓનું જીવન આપણે ન તપાસીએ તો મહાવીરના અને તેઓના પ્રતિનિધિ અન્ય આચાર્યોના જન્મોત્સવ પ્રસંગે આપણે આર્યસમાજીને શી રીતે નોતરી શકીએ ? ખરી રીતે આર્યસંસ્કૃતિનો પૂર્ણ અભ્યાસ કરવા માટે શ્રમણ સંસ્કૃતિના એ પ્રધાન પુરુષ મહાવીર અને બુદ્ધ તથા બ્રાહ્મણ સંસ્કૃતિના પ્રતિનિધિ રામ અને કૃષ્ણ એ ચારે ક્ષત્રિય છતાં યથાર્થ બ્રાહ્મણોની જીવન-કથાનો નિષ્પક્ષ અને ઉદારભાવે અભ્યાસ કરવો જ જોઈએ. અને તે માટે જે જે પ્રસંગો મળે તેને કદી જતા ન જ કરવા જોઈએ. હું જૈન છું છતાં રામ, કૃષ્ણ અને બુદ્ધનાં જીવનતત્ત્વો સમજવાનો પહેલેથી જ પ્રયત્ન કરતો આવું છું, તેથી મારી મહાવીર વિષેની દૃષ્ટિ ઊલટી તક્ષ્ણ અને શ્રદ્ધાળુ બની છે.

'ચૈત્રની શુક્લ ત્રયોદશી એ મહાવીરનો જન્મદિન. ચૈત્ર જ રામનો જન્મમાસ. બુદ્ધ વૈશાખ શુક્લ પૂનમે જન્મ્યા અને કૃષ્ણ શ્રાવણમાં. મહાવીરના જન્મને લગભગ ૨૫૦૦ વર્ષ થયાં. એ રાજકુમારે માતાપિતા કે વડીલ ભાઈની અવગણના કરી ત્યાગમાર્ગ નહોતો સ્વીકાર્યો; ઊલટું વડીલોની સેવા કરતાં ત્યાગને આત્મામાં કેળવી તક આવે તત્કાલીન ત્યાગનો ધોરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગ સ્વીકાર્યો હતો. મહાવીર ક્ષત્રિય એટલે ક્રાન્તિકારી; જો કે એમાં બ્રાહ્મણત્વ પણ હતું. જ્યારે કર્મકાંડ યાજ્ઞિક કર્મકાંડનાં જડ જાળાંઓએ માત્ર પશુ જ નહિ, પણ મનુષ્ય સુદ્ધાંના ગળાં રહેંસવાં માંડ્યાં હતાં, જ્યારે સ્ત્રીઓની આધ્યાત્મિક ભૂખને સમાવવાનો કાંઈ રાજમાર્ગ ન હતો, જ્યારે બ્રહ્માદ્વૈતની ઘોષણાના આદેશમાં શૂદ્રો માત્ર જાતિને કારણે ઉચ્ચ ધાર્મિક જીવન અને શાસ્ત્રજ્ઞાન મેળવવાના અધિકારથી વંચિત હતા ત્યારે એક મગધના ક્ષત્રિયને પ્રેરણા થઈ અને પરંપરાગત આચારવિચારમાં સમયોપયોગી તત્ત્વો દાખલ કરવા ખાતર અને તત્કાલીન કર્મકાંડ, હઠયોગી તથા શુષ્ક તપસ્યાના પંથોમાં જીવન રેડવા ખાતર તેણે લગભગ ૧૩ વર્ષ તપ કર્યું. મહાવીર એટલે મહાન તપસ્વી. એનું તપ એ માત્ર શુષ્ક લંઘન કે શુષ્ક હઠયોગ ન હતો, પણ તેઓના તપમાં સતત ધ્યાન અને સતત ચિંતનનું બળ હતું તેથી જ તેઓએ 'વર્ધમાન' એ મૂળ નામના સ્થાનમાં 'મહાનવીર' એવું સાર્થક નામ પ્રાપ્ત કર્યું. તપને અંતે મુખ્ય બે તત્ત્વોનું નવનીત જગત સમક્ષ ધર્યું. આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત.

'વિદ્યા અને આચરણથી સંપન્ન હોય તે બ્રાહ્મણ. એ બ્રાહ્મણદાર્શનિકોના કથનને માનીએ તો સાધક અવસ્થામાં ઉત્કટ પરાક્રમ દાખવનાર ક્ષત્રિય મહાવીર હવે આચાર અને વિદ્યાના પરાકાષ્ઠાપ્રાપ્ત બે તત્ત્વોને મેળવી બ્રાહ્મણ બન્યા, અને બ્રાહ્મણનું પદ લઈ અદ્વૈતમાર્ગને વ્યવહારુ બનાવ્યો. તેમણે જાતિ અગર લિંગને કારણે કોઈનો આધ્યાત્મિક અધિકાર ઓછો ન માન્યો. હજારો સ્ત્રીઓ અને કેટલાક જાતિશૂદ્રોએ પણ યોગ્યતાને બળે મહાવીરનાં બે ઉક્ત તત્ત્વોનું પાન કર્યું.

'પણ એ અહિંસાનો વારસો ભોગવનાર આપણે આજે તીર્થ કે બીજા મતભેદના કારણે ધર્મને નામે લોકકલ્યાણ સાધી શકાય એવી ત્રણે વસ્તુઓ—સમય, બુદ્ધિ, સંપત્તિનો નાશ કરી રહ્યા છીએ.

'આદર્શ પુરુષોના જેવા થવાને બદલે મનુષ્યો આદર્શ પુરુષોને જ બહુધા પોતાની પરિસ્થિતિ પ્રમાણે ઘડી કાઢે છે. એ માનવનિર્બળતાથી જૈનસમાજ પણ મુક્ત નથી અને તેથી દરેક ફિરકાવાળા મહાવીરને પોતાના બીબામાં ગોઠવવાનો ઉપહાસાસ્પદ પ્રયત્ન કરી રહ્યા છીએ.

'બીજાને અહિંસાનો પાઠ શીખવવાની અનેક હિલચાલો કરનાર જો અંદરોઅંદર હિંસા કરે તો તેના જેવા ઢોંગી બીજા કોણ હોઈ શકે?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રેલવેના અનુભવ

પ્રવાસ વખતે બદલવી પડતી જુદી જુદી ટ્રેનોમાં મને જેવો અનુભવ થયો તેવો અનુભવ 'પ્રસ્થાન'ના વાચકોને ભાગ્યે જ ન થયો હોય, છતાં તે અનુભવ અહીં ટૂંકમાં આપું છું. તે એવા હેતુથી કે પરિચિત વસ્તુના વર્ણનમાંથી માણસ ધારે તો ઘણી વાર વધારે અને સ્પષ્ટ બોધ મેળવી શકે.

રેલવેની મુસાફરીમાં સૌથી પહેલું દર્શન સ્ટેશનનું. સ્ટેશન એટલે વિવિધ-રંગી મેદની અથવા પોલીસ, મજૂર અને સ્ટેશનમાસ્તરોની સ્વતંત્ર રાજ-ધાની. તેથી પણ સ્પષ્ટ વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે સ્ટેશન એટલે સ્વતંત્રતા અને પરતંત્રતાનું મિશ્રિત સ્થાન. જેને લાગવગ, પૈસા અને જ્ઞાન હોય તે ત્યાં તેટલે અંશે સ્વતંત્ર અને જેને તેમાંનું કાંઈ હોય તે ત્યાં કાં તો પરતંત્ર, કાં તો પશુ.

અમદાવાદથી ગુજરાનવાલા સુધીની સળંગ ટિકિટ સ્ટેશનમાસ્તરે જાણે મોટી મહેરબાની કરી હોય તે રીતે આપી તો ખરી. પણ નોટમાંથી ટિકિટના પૈસા કાપતાં વધારાના પૈસા પાછા આપતાં એક રૂપિયો ઓછો આપ્યો. મારા સહચારી શિક્ષિત હતા, તેથી પૈસા ગણી જોતાં જ્યારે એક રૂપિયો ઓછો થયો ત્યારે તરત જ એ ગિરદીમાં રૂપિયો પાછો મેળવવા દોડ્યા. તેમણે પૂછ્યું : 'માસ્તર સાહેબ, એક રૂપિયો ઓછો કેમ આપ્યો?' જવાબમાં તેઓએ કહ્યું : 'આવડી લાંબી ટિકિટ અહીંથી મલી ગઇ છે તે શું ભૂલી ગયા?' સાથીએ કહ્યું : 'તેમાં શું ? તે તો તમારી ફરજ છે.' માસ્તર સમજી ગયા કે આ કોઈ ભોટ નથી એટલે બહારથી પ્રસન્ન પણ અંદરથી ઉદાસીન ચહેરે રૂપિયો પાછો ફેંક્યો. સ્ટેશનમાસ્તરો ઘણા ટિકિટ લેનારાઓને ધોખો આપે છે, એ વાત જાણીતી છે. પેસેંજર અજાણ હોય અગર ગાડીનો ટાઇમ ભરાઈ ગયો હોય અગર નિર્ભય ન હોય ત્યારે સ્ટેશનમાસ્તરોને ઘીકેળાં. ઘણી વાર વધારે પૈસા લઈ લીધા બદલ વૃદ્ધ કે તરુણ સ્ત્રી–પુરુષો રેલવેમાં માસ્તરોને ઉગ્ર આશીર્વાદ આપતા કોની નજરે નહિ પડ્યા હોય?

ખંધા પેસેંજરો

પેસેંજરોમાં પણ એક વર્ગ એવો હોય છે જે ટિકિટ લેવાની પણ નથી રાખતો. આ વર્ગમાં હિંદુ બાવા–બાવીઓ કે મુસલમાન ફકીરોનો જ માત્ર સમાવેશ નથી થતો. પણ તેમાં કેટલાક ખંધાઓ પણ આવે છે. તે ખંધાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તે રીતે ટ્રેનમાં દાખલ થઈ જાય છે. અને ટિકિટ–કલેક્ટર આવવાની જ્યાં જ્યાં સંભાવના હોય ત્યાં ત્યાં તેઓ ચકોર દૃષ્ટિથી તરત જ સીટ ઉપરથી ઊઠી જાય છે. પણ આવે વખતે દુનિયામાં જે ત્યાજ્ય સ્થાન તે જ તેઓનું શરણધામ બને છે ! ડબામાં છુપાવાનું સ્થળ પાયખાનું. જેટલીવાર ગાડી ઊભી રહે તેટલી વાર પાયખાનું બંધ કરી તેમાં ભરાઈ રહેવું એ તેવાઓની યુક્તિ. આ સ્થિતિ ગાડીમાં પહેલી જ વાર અનુભવાઈ.

એક બલૂચી સ્ત્રી અને પુરુષ બન્ને વગર ટિકિટે બેઠેલાં. ભયનો વખત આવે કે પેલી બાઈ પાયખાનામાં ઘૂસે. પણ આ પાપ ક્યાં સુધી છાનું રહે ? કારણ, બાઈ પાયખાનામાં જાય ત્યારે ભાઈ બહાર રહી જાય, અને ભાઈ છુપાય ત્યારે બાઈ છૂટી પડી જાય. એક ને એક તો પકડાઈ જ જાય. આજીજી કે ટિકિટ–કલેક્ટરની હિંદુ જાતિ સુલભ દયાથી કદાચ મોક્ષ મેળવે તો પેસેંજરોની ફરિયાદીનું બંધન તેઓને શિરે ઊભું જ હોય. પાયખાના-માં છુપાયેલ માણસ ત્યાં વધારે વખત લે તેને નભાવી લેવાની ક્ષમા કાંઈ બધા પેસેંજરોમાં થોડી હોય ? કોઈ કહે : ' આટલી બધી વાર કેમ ?' કોઈ કહે : 'આ તો બીમાર રહે છે. રખે પાયખાનામાં મૂર્છા આવી હોય.' કોઈ કહે ' ના, ના. એ તો ટિકિટ વિના જ બેઠેલ છે. ' કેટલાક કુતૂહલીઓ વિલંબ સહન ન કરી શકવાથી પાયખાનાને ધક્કા મારે, અને જો તેમાં પેલી બાઈ હોય તો કેટલાક મશ્કરીઆઓ બહારથી બૈરાંઓને કહે કે જાઓ તમે ઊઘ-ડાવો. આ રીતે ટિકિટ બતાવવાના ભયમાંથી મુક્તિ મેળવવા ઇચ્છનાર પેલી બલૂચી બાઈ કે ભાઈ ને ઊલટાં કેટલાં બનાવતાં; અને કેટલી ગાળીઓ ખાતાં એ દૃષ્ય જોવામાં અને મનુષ્યપ્રકૃતિની વિવિધતાનું અંતર વિચારવામાં રેલવેનો ઘણોયે માર્ગ કપાઈ ગયો. વધારે આકર્ષક તો એ હતું કે જ્યારે પેલાં બન્ને બહાર હોય અને અચાનક ચાલતી ગાડીએ ટિકિટ–કલેક્ટર આવે ત્યારે કોઈ કાંઈ ભાષા જ ન સમજે ! ટિકિટ–કલેક્ટર બોલે હિંદી કે અંગ્રેજીમાં. ત્યારે તે બોલે બલૂચી ભાષામાં. કોણ કોને શું કહે છે એ જોવાના તમાશામાં જ પેસેંજરોના–ખાસ કરીને મારા–પૈસા વસૂલ થઈ જતા, અને સિનેમા નહિ જોવાનો ખેદ આમ શમી જતો. જો કોઈ ટિકિટ–કલેક્ટર પાકા ભેજાનો આવતો તો જ આવા છૂપા ચોરોને ઉતારતો. નહિ તો એક બે ધમકી આપી ફરી આવું ન કરવાની મિથ્યા ચેતવણી આપી, ફરી આવું કરવાની જ કૃતિથી તાલીમ આપી જતો. શું બલૂચીઓ કે શું પઠાણો, જરા જબરા અને ખંધા તે રેલવેમાં સ્વતંત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા મફતિયા વર્ગમાં જે બાવા–ફકીરોને વર્ગ હોય છે, તેઓ તો પરમેશ્વરના ધામમાં જ જવા રેલવેનાં બધાં કષ્ટો સહન કરતા હોય છે. એટલે એ સહિષ્ણુતા એ જ તેઓનો ટિકિટમાર્ગ. દેશનો એવો કોઈ ખૂણો છે કે જ્યાં તીર્થસ્થાન નહિ હોય? અને કોઈ એવું તીર્થસ્થાન છે કે જ્યાં જવા રેલવે ન હોય? એટલે ગમે તે રેલવેમાં બેસો તો ત્યાં આવા તીર્થસ્પર્શી યાત્રીઓ મળવાના જ. અને તેમને નભાવી લેવા જેટલી સાધુભક્તિ હજી આટલા વધી ગયેલ નાસ્તિક શિક્ષણના વાતાવરમાં પણ સ્ટેશન માસ્તરોમાં રહી ગયેલી બહુધા નજરે પડે છે.

ઉગ્ર ચંડીઓ અને રુદ્રો

રેલવેનો અદ્ભુત અને કીમતી તમાશો મનુષ્યત્વના ઉગ્ર અને પ્રચંડ સ્વરૂપનો છે. મનુષ્યના હૃદયમાં રુદ્ર અને ચંડી ન વસતાં હોત તો તેઓએ દેવકોટિમાં કદી સ્થાન ન મેળવ્યું હોત. ગાડીમાં ખાસ કરી સ્ટેશને સ્ટેશને અનેક જંગમ ચંડીઓ અને જંગમ રુદ્રોનો પરિચય થાય છે. બે નવા પેસેંજરો આવવાના હોય કે અંદરના મુસાફરો ‘ જગા નથી, ’ ‘ ક્યાં બેસશો, ’ ‘ આગળ જાઓ, ’ ‘ શું એક જ જગા છે ’ વગેરે વગેરેથી તેઓનું આતિથ્ય કરે છે. આવનાર પેસેંજરો જો નબળા હોય તો ‘ ભાઈ, આવવા દો ઊભાં રહીશું, ’ ‘ તમને અડચણ નહિ આવે, ’ ‘ વખત થઈ ગયો છે ’ વગેરે વગેરે દયાજનક શબ્દોથી અંદરના પેસેંજરોનાં હૃદય પિગળાવવા પ્રયત્ન કરે છે. પણ જો નવા આગંતુક પેસેંજરો ઉગ્ર હોય તો પછી દૃશ્ય જોવા જેવું બને છે. કોઈ બારણાને બહાર તરફ ને કોઈ અંદર તરફ ખેંચે છે. વિલંબ થવા લાગે છે અને ‘ તેં પૈસા આપ્યા છે તો શું મે નથી આપ્યા? ’ એ સમાનતાનો ઉપદેશ પૂરા વેગથી શરૂ થાય છે. લાચારીથી કે બળજોરીથી અંદર દાખલ થયા પછી પેસેંજરો પેસેંજરો વચ્ચે વળી બેઠક માટે હુંસાતુંસી, ગાળાગાળી કે મારામારીનો કલીયુગ શરૂ થાય છે. દાખલ થવા ને થવા પછીના આ કલીયુગમાં હિંદુધર્મનું વૈરાગ્યશાસ્ત્ર એ એક જ ત્યાં માત્ર આશ્વાસન રૂપે દેખા દે છે. કોઈ બહેન કહે : ‘ ઓ ભાઈ, શા માટે લડો છો? કેટલો વખત રહેવું છે? પંખીઓનો મેળો છે, હમણાં છૂટા પડી જઈશું.’ આવો તાત્ત્વિક ઉપદેશ પછી ઘણાં મોઢેથી સાંભળવામાં આવે છે, પણ તેટલામાં તો એ ઉપદેશને ન ગણકારે તેવા મહિષાસુરો કાં તો બેઠક માટે કાં તો એક બીજાને હળી જવા માટે, કાં તો આત્રોપાછો સામાન મૂકવા માટે લડવા ઊભા થાય છે. ગુજરાતના ભાગમાંથી રેલવે પસાર થતી

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

હોય ત્યારે આવી લડાઈમાં બહુધા ગાળોનું જ નૈવેદ્ય હોય છે, પણ પંજાબ જેવા ભાગમાં તો મારામારીની મીઠાઈ જ નજરે પડે છે. એક વિદ્વાન મિત્રે રેલવેની આ સ્થિતિનું એક સુંદર ઉપમા દ્વારા સ્પષ્ટીકરણ કરેલું. તેઓએ કહેલું કે પેસેંજરો અને શ્વાનોની વૃત્તિ એક જેવી છે. નવો કૂતરો આવે તો જૂનાઓ તેને પોતાની હદમાં આવવા ન જ દે. આવનાર કૂતરો નિર્બળ હોય તો જમીન ઉપર આળોટી જાય અને જૂનાઓની મહેર મેળવે. બળવાન હોય તો લડી-ઝઘડીને હદમાં દાખલ થાય. એટલે પછી જૂના નવા બધા એક જ. વળી આ બધા કૂતરા પોતાની હદમાં પાછા બીજા નવા આવનાર કૂતરા સામે તેજ રીતે થવાના અને તેઓ વચ્ચે પાછી સમાધાની થવાની. નવા ચડનાર અને ચડી બેઠેલા પેસેંજરો વચ્ચે શ્વાનવૃત્તિ અનુભવાય છે. અને એ જ મનુષ્યહૃદયની વાસ્તવિક સ્થિતિનું ચિત્ર છે. જે જ્ઞાની હોય છે, જે રોજ પૂજાપાઠ કરનારો હોય છે, જે ઈશ્વરની બંદગીને ચાલુ ટ્રેને કરવા ભૂલતો નથી, રેલવેમાં પણ નમાજ પઢવા ચૂકતો નથી, જે સમગ્ર જીવસૃષ્ટિને એક જ બ્રહ્મના અંશો માને છે, જે અહિંસા અને દયામાં પોતાના ધર્મને સર્વશ્રેષ્ઠ માને છે, તે બધાનું ધાર્મિક હૃદય મોટે ભાગે રેલવેમાં યથાર્થ રૂપમાં જોવા મળે છે. કોઈ ઈશ્વરની કેટલી નજીક છે અને કોણ કેટલે દૂર છે એનું ભાન આપણને ત્યાં જ થાય છે. હું તો એમ પણ કહું કે શાંત અને ક્ષમામૂર્તિ ગણાતા સર્વ સંપ્રદાયના ધર્મગુરુઓને જો આવા પ્રસંગમાંથી પસાર થવું પડે તો જ તેઓની શાંતતા અને ક્ષમાશીલતા યથાર્થરૂપે કસોટીએ ચડે. અસ્તુ.

ખાનપાન

રેલવેમાં બીજી બાબત ખાનપાનની છે. કેટલાકો તો મુસાફરી દરમિયાન ખાતા નથી; એટલું જ નહિ પણ ચાલતી ગાડીએ પાણી પણ પીતા નથી. વધારે વખત ખોટી થાય એવે સ્ટેશને તેઓ નીચે ઊતરી પાણી પીએ છે. એટલે નળનું પાણી ન પીનાર સમ્પ્રદાયનો તદ્દન નાશ કરવામાં હજી રેલવે સફળ ન થઈ; પણ આવાં કટ્ટર માબાપોની જ સંતતિ તો તેટલી ઉદાર થઈ જ ગઈ છે. ગમે ત્યાં, ગમે તે પળે, પૈસા હોય અને નવું આવ્યું એટલે ખરીદવું. નથી સ્વચ્છતાનો વિચાર, નથી આરોગ્યની દૃષ્ટિ કે નથી પેટની પરવા. તેઓ એમ કહે છે કે, રેલવેમાં બધું પચી જાય. ખુલ્લાં હવાપાણીમાં કાંઈ બંધન રાખવું એ બેવકૂફી છે. કદાચ આ જ ખાનપાનની ઉદારતા અને સમભાવશીલતાને લીધે વેચનારવર્ગ પણ ઉદાર અને સમ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવશીલ થઈ ગયો હશે. ખારી પૂરીઓને ગરમાગરમ કહે, તેલની ચીજને ઘીની કરી કહે, કાચાપાકા વચ્ચે ભેદ નહિ, દૂધ અને પાણીની મિત્રતાનો ભંગ વેચનારાઓ કેમ જ કરાવે? ખાનારના દાંત અને પેટની પરીક્ષા માટે કાંકરા અને ધૂળ કાઢવાનું તેઓ યોગ્ય જ ન લેખે; અને સૌથી વધારે તો એ કે ભાવ દરેક ચીજના જોઈએ તે કરતાં દોઢા અને બમણા. આ રીતે પૈસાની પુષ્કળ બરબાદી છતાં રેલવેમાં ખાવાનું કાંઈ જ સુખ નહિ. એ દુઃખદ સ્થિતિની જવાબદારી આપણી અજ્ઞાનતા ઉપર જેટલે અંશે છે તે કરતાં વધારે અંશે રેલવે ડિપાર્ટમેન્ટ ઉપર છે. તેના કર્મચારીઓને જોઈતું મળે એટલે ગમે તે વેચનારા ગમે તેવું, ગમે તે ભાવે વેચી શકે. એક મીઠાઈવાળો આવ્યો. તેના ખૂમચામાંથી સ્ટેશનમાસ્તરે મીઠાઈ લઈ અગ્નિદેવને તર્પણ કર્યું અને ખુમચાવાળે 'સાહબ, સાહબ, યહ લીજીયે, યહ કલાકંદ તાજા હૈ' એમ કહી જાણે ભક્તિપૂર્વક તે જ પ્રસાદી ધરવા મંડી ગયો. જે ખાતામાં લગભગ આવી સ્થિતિ હોય તે ખાતાના અમલદારોની બધી સુખ-સગવડ અને આરામતલબી એ પેસેંજરોની અગવડતાને જ આભારી છે.

દવા વેચનારા

પણ રેલવેમાં જેમ બીમારીનાં સાધન ઘણાં છે તેમ આરોગ્યના ઉપાયો પણ ઓછા નથી. ખુલ્લાં અને વિવિધ હવા–પાણી, વઢવાડ અને કસરત ઉપરાંત જો અજીર્ણ રહ્યું હોય તો દવાઓ તૈયાર છે. નોટિસો વહેંચાય છે. એક દવામાંથી તેના ફાયદાઓનું મોટું લિસ્ટ સાંભળવા મળે છે. સ્વર્ગનું કલ્પવૃક્ષ દવાની શક્તિઓમાં નજરે પડે છે. કોઈ કોઈ નોટિસબાજો એવા હોશિયાર અને વાચાળ હોય છે કે તે જ વક્તાનું કામ કરતા હોય તો લોકોને ખૂબ આકર્ષી શકે. એક ખાસ દવા વેચનારની વાત કહું. આ માણસ દિલ્લી અને બડોદ વચ્ચેની રેલમાં આવ્યો. તેણે ઉર્દૂમાં ભાષણ શરૂ કર્યું. તેની પદ્ધતિ, તેની ભાષા, તેની દલીલબાજી, તેની સ્ફૂર્તિ જોઈ મને ખરેખર એમ થયું કે આ માણસ ધારાસભામાં જાય તો અજબ પ્રભાવ પાડે. એક જાટે તેને કહ્યું : 'તેં જે દવા મને આપી હતી તેથી આંખ ઊલટી બગડી, માટે શરત પ્રમાણે મારા પૈસા પાછા આપો.' આણે હાજરજવાબીથી કહ્યું : 'તે હું નહિ, તમે બીજા કોઈ પાસેથી જ દવા લીધી હશે. હું બાર વર્ષ થયાં દવા જાતે બનાવું અને વેચું છું. એક પણ કેસ બગડ્યો નથી. તમને નુકસાન થાય જ કેમ? આ બધા પેસેંજરોને પૂછો કે કોઈને મારી દવાથી નુકસાન થયું છે? વધારે ખાતરી માટે આજ મારી દવા

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ખરીદો. મારા જેવાં કપડાં પહેરી બીજા ઘણા આવે છે.' આ વેચનારની શિષ્ટ ઉર્દૂ ભાષા અને નમ્રતામાં પેલો વાંધો લેનાર જાટ તો પીગળી જ ગયો.

જમનો સાક્ષાત્કાર

'ચોરના ભાઈ ઘંટીચોર' એ કહેવત પ્રમાણે સ્ટેશન માસ્તરોના ખરા સાથીઓ ત્યાંના મજૂરો છે. જમને ન મળ્યાની તૃષ્ણા જેઓને હોય તેઓ દિલ્હી જેવા સ્ટેશનના મજૂરોથી એ તૃષ્ણા શમાવી શકે. ડબ્બામાંથી ઊતર્યા ન ઊતર્યા કે પહેલાં જ સામાન ઉપર મજૂરોનો હાથ પડે. મજૂરો છ–આઠ ગણાથી ઓછી મજૂરી ન કહે, અને 'અબ ટાઈમ નહિ હૈ,' 'રેલવે સીટી દે રહી હૈં,' 'દેર હોગી તો રહ જાઈયેગા,' પુલ ઊતરના પડેગા' 'ગરદી બહુત હૈ' વગેરે વગેરે છેવટના ભયોથી પેસેંજરોને ગભરાવી મૂકે. સામાન વગેરે હોય કે મુસાફરીની માહિતી ન હોય અગર સ્ત્રી કે બાળબચ્ચાં સાથે હોય તો મજૂરોની આશા પૂરી ફળવતી. મારે દિલ્હી સ્ટેશને એક મજૂરનો પ્રસંગ પડ્યો તે ખૂબ આકર્ષક છે. મજૂરે કહ્યું: 'દેઢ રૂપિયા મજૂરી હોગી.' મેં કહ્યું 'તુમ જાઓ હમ ખુદ ઉઠા લેંગે,' તે મજૂર ન જાય અને ન બીજાને આવવા દે. મેં અને મારા સાથીએ નક્કી કર્યું કે હાથે જ સામાન ઉપાડવો. ક્યાં બે ત્રણ આનાની મજૂરી અને ક્યાં દોઢ રૂપિયો. અમે ઓછું પણ કેટલું કહીએ, એટલે મૌન રહી સામાન ઉઠાવવાનો યત્ન કર્યો. એક એક નંગ ઉપાડી આંખે દેખી શકાય એટલે દૂર મૂકી, બીજાં નંગ લઈ જવા અને વળી ત્યાંથી વધારે આઘે એ જ રીતે નંગો પહોંચાડવા યત્ન કર્યો. આ રીતે દિલ્હીના લાંબા પ્લૅટફૉર્મ ઉપર પોણા કલાકથી વધારે વખત અમારા ઘણા અને વજનદાર નંગોએ લીધો. આટલી વખતમાં કેટલાયે મજૂરો આવ્યા અને ગયા, પણ એ બધાનું સંગઠન અદ્ભુત હતું. પ્રથમ મજૂરે દોઢ રૂપિયાથી ઊતરી બાર આના કહેલા તે બીજા બધા મજૂરોની જાણમાં, એટલે તે બધા આવી એમ જ કહે: 'બારહ આને જાદા નહિ હૈં, કોઈ ઇસસે કમમેં નહિ આયેગા. અચ્છા, આપ કમ ક્યા દેંગે? કુછ તો બોલિયે, ક્યા જબાન નહિ હૈં?' એમ એ બધા વખત દરમિયાન અમારી સાથે મજૂરોએ રકઝક કરી. 'પ્લૅટફૉર્મ પરથી બહાર નીકળવાનો દરવાજો પાસે આવ્યો ત્યારે શરૂઆતથી અત્યાર સુધી હાજર રહેલો પહેલો મજૂર આવી બોલ્યો: 'અચ્છા મુઝે એક કોડી ભી હરામ હૈં, કુછ ભી નહીં ચાહિયે. યોંહી સામાન રખ દેતા હું' એમ ગુસ્સા સાથે કહી અમારો સામાન હાથમાંથી ખેંચવાનો પ્રયત્ન કર્યો. પણ અમે કહ્યું, 'ભાઈ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હમ તો અબ દરવાજે તક આ ગયે. અબ તક તુને મજૂરી કર્યો નહીં ઘટાઈ. હમ તો અધિક ખર્ચ કર નહીં સકતે, તું ચલે જા. હમારી કસરત ભી હો ગઈ ઔર પૈસે ભી બચ ગયે.' તેણે કહ્યું : 'સબ પઢે લિખે બેઈમાન હોતે હૈં. ગાંધી ટોપી ઔર ખાદી પહનકર તુમ સબ લોગોંને મજૂરોંકા પૈસા માર દિયા,' એમ કહી અનેક ગાળોની અમૃતવર્ષા વરસાવતો તે નિરાશ થઈ ચાલ્યો ગયો.

સંતોષી ગ્રામમજૂર

પણ આથી ઊલટી સ્થિતિ તદ્દન નાનાં સ્ટેશનોના મજૂરોની હોય છે. ત્યાં ગ્રામસુલભ સરલતા અને સંતોષ દેખાય છે. તેનું એક અજબ ઉદાહરણ હું ક્યારેય નહિ ભૂલું. બડોદ સ્ટેશનથી ગામ લગભગ માઈલેક દૂર હશે. બધો સામાન સાત પૈસામાં સંતોષી મજૂરે ઉઠાવ્યો. રસ્તામાં વાત ચાલી. તે છોકરો જુલાહો હતો. તેના કુટુંબનું કામ કપડાં વણવાનું છે. મેં તેને પૂછ્યું : 'ગાડી ઉપર ન આવે અગર મજૂરી ન મળે ત્યારે શું કરે છે?' તેણે કહ્યું : 'માબાપ સાથે વણવાનું અને ક્યારેક બીજું કામ.' છોકરાના કદ કરતાં સામાન વધારે હતો. રસ્તો લાંબો. તે પોતાની અશક્તિ કે અણગમો જરાયે પ્રગટ ન કરે. જ્યારે ખૂબ થાકે ત્યારે કહેઃ 'બાબુજી થોડી દેર સામાન નીચે ઉતારીએ.' અમે જોયું આ છોકરો કેટલો પ્રમાણિક અને કેટલો પુરુષાર્થી છે. બીજા અનેક પ્રતિસ્પર્ધી મજૂરના છોકરાઓએ આ છોકરાને થોડા પૈસામાં અમારો સામાન લઈ જવા બદલ ગાળો દેવા માંડેલી, મારવાનો ભય પણ બતાવ્યો, પણ આ છોકરો એકનિષ્ઠાથી ચાલી રહ્યો હતો. મારું મન સાધુસંત પ્રત્યે આકર્ષાય તેથીયે વધારે આકર્ષાયું. પેલા પ્રતિસ્પર્ધી છોકરાઓને ખૂબ ધમકાવી દૂર કર્યા અને મેં તથા મારા સાથીએ તેની પાસેથી કેટલોક સામાન ઉપાડી લઈ તેનો બોજો તદ્દન નહિવત્ કર્યો, પણ અમારી આ વૃત્તિ તે છોકરાથી સહન જ ન થઈ. તે કહે : 'બાબુજી, આપ ક્યોં ઉઠાતે હૈ? મૈં ધીરે ધીરે સબ સામાન અકેલા હી પહુંચા દૂંગા.' ખરેખર, આ છોકરાના ઉદ્ગારો તે વખતે હૃદયને હચમચાવતા. છેવટે ગામમાં પહોંચ્યા અને જ્યારે ત્યાં પણ ઘણું કામ લીધા પછી અમે બે જ પૈસા વધારે આપ્યા ત્યારે તેના સંતોષનો પાર ન રહ્યો. ક્યાં દિલ્હીનો જમ જેવો મજૂર અને ક્યાં બડોદનો સરલ–સંતોષી મજૂર! એ સ્થિતિ મજૂરોમાં છે તે જ બધા વર્ગના માણસોમાં ઓછેવત્તે અંશે જોઈ શકાય છે.

—પ્રસ્થાન : પુસ્તક ૩ : કાર્તિક ૧૯૮૩ અંક ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસંહાર

વર્ણનનો ઉપસંહાર કરતાં મુસાફરી વખતે રાખેલાં ત્રણ દૃષ્ટિબિંદુઓથી પંજાબના અનુભવનું ટૂંકમાં પૃથક્કરણ કરી લેવું એ યોગ્ય ગણાશે.

૧ : પ્રાંતિક વિશેષતા

(૧) શરીરનું કદાવરપણું—આ બાબત સર્વવિદિત છે. કોઈ પણ પ્રાંતનો અને કોઈ પણ જાતિનો ઊંચામાં ઊંચો અને મજબૂત માણસ જોતાં જ લોકો તેને પંજાબી કહી ઓળખે છે. (૨) સરલતાઃ પ્રમાણમાં બીજા બધા પ્રાંતો કરતાં પંજાબીની પ્રકૃતિમાં સરલતાનો વિશેષ ગુણ મને જણાયો છે. આનું કારણ કદાચ બુદ્ધિસ્થૂળતા હોય. બંગાળી, દક્ષિણ, ગુજરાત કે સંયુક્ત પ્રાંતના પ્રમાણમાં પંજાબીઓની સામાન્ય બુદ્ધિ કાંઈક સ્થૂળ હોય છે. તેને નવી વસ્તુ લેતાં કે છોડતાં બહુ વાર નથી લાગતી. (૩) સંપત્તિઃ પંજાબમાં ખાવાપીવાનું ખાસ દુઃખ હોય એવી ગરીબી નથી, પણ તાલેવાન વર્ગ બીજા પ્રાંત જેટલો મોટો નથી (૪) વ્યાપાર–ધંધોઃ ત્યાંની મુખ્ય પેદાશ અનાજની. ખાસ કરીને ઘઉં, અને નિકાશ પણ તેની જ છે. (૫) આચાર-વિચારઃ ત્યાંનો આચારવિચાર સંયુક્તપ્રાંત કે બિહાર જેવો સાંકડો અને ચોકાબદ્ધ નથી. મારવાડ કે ગુજરાતની પેઠે ઉચ્છિષ્ઠ ભોજન પણ નથી. છતાં ખાનપાન, રસોઈની સ્વચ્છતા, પહેરવેશ આદિમાં મુસલમાન લોકોનું સ્પષ્ટ પ્રતિબિંબ હોઈ જાતિબંધનની તેટલી કટ્ટરતા નથી. (૬) સ્ત્રીઃ સ્ત્રીઓની પરાધીનતા હોવા છતાં સંયુક્ત પ્રાંત જેવું પડદાનું સખત બંધન નથી. સુંદરતા અને કીમતી પહેરવેશમાં પંજાબીઓ ચઢે ખરા. આર્યસમાજને બાદ કરીએ તો કેળવણીમાં પંજાબ ગુજરાત કરતાં ચડે નહિ.

૨ : આર્ય લોકોની પ્રથમ વસવાટ કરવાની યોગ્યતા

આરબ, ઇરાની અને યૂરોપિયનો હિંદુસ્તાનમાં જળમાર્ગે આવ્યા. તે સિવાયની બધી જાતિઓ શક, હૂણ, પઠાણ, મુગલ વગેરે વાયવ્ય કોણને ખૂણેથી જ આ દેશમાં આવેલી. આર્ય લોકો મધ્ય એશિયા કે બીજા કોઈ ભાગમાંથી આ દેશમાં આવ્યાના મતો સ્વીકારી લઈએ તો તેઓને વાયવ્ય કોણમાંથી જ આવેલા માનવા પડે છે. જે જે વાયવ્ય કોણમાંથી ખૈબરઘાટમાં થઈ હિંદુસ્તાનની ભૂમિમાં ઊતર્યા તે બધાની નજરે પહેલું મેદાન પંજાબનું પડ્યું. જેમ આ મેદાન પહેલું તેમ તે ઘણી બાબતોમાં શ્રેષ્ઠ પણ તેવું જ. આબોહવા જુઓ તો પંજાબથી વધારે સારી ક્યાંયની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. જળની પ્રચુરતા, સ્થળની વિશાળતા અને વનસ્પતિની વિપુલતા. આ પ્રાકૃતિક રમણીયતા બહારની આગંતુક જાતિઓને ત્યાં રાખવાને લલચાવવા બસ હતી. ત્યાંની ફળદુપતા પણ કાયમના વસવાટનું મુખ્ય પ્રલોભન થઈ પડ્યું. પંજાબની પાંચ મોટી નદીઓ અને તેની પ્રાચીન કાળમાં ચાલતી નહેરો જાણીતી છે. દૂર દૂરના અંતર ઉપર નહિ આવેલી આ વિશાળ નદીઓ ઉપર નભતી ખેતીને લીધે પંજાબ દેશને નદીમાત્રિક દેશ તરીકે કિરાતકાવ્યમાં યુધિષ્ઠરના દૂત વનચરે (ભીલે) ઓળખાવ્યો છે. પંજાબ એ મારવાડ, કાઠિયાવાડ કે કચ્છ. વાગડ જેવો દેવમાત્રિક (વરસાદ ઉપર નભનાર) દેશ નથી. તે તો સતત વહેતી નદીઓ ઉપર નભે છે. એટલે જ્યારે દુષ્કાળ પડે ત્યારે પણ પંજાબીઓ કદી વાગડ, મારવાડ કે ઝાલાવાડના લોકોની પેઠે પોતાનાં ઘરબાર છોડી દેશાવરમાં ભટકતા નથી જણાતા. આ બધી પ્રાકૃતિક વિભૂતિ પંજાબને એટલા બધા પ્રમાણમાં મળી છે કે ત્યાં વસવા માટે કોઈ પણ લલચાઈ જાય. એટલે માત્ર આર્ય જાતિ જ નહિ, પણ ઐતિહાસિક યુગની બહારથી આવેલી બધી જાતિઓએ પંજાબમાં રહેવું પસંદ કર્યું અને ત્યાં રહી તેઓએ શારીરિક વિકાસ પણ સાધ્યો. બહારથી આવનારી જાતિઓના જુદા જુદા રંગો કે કદો પંજાબની પોષક ભૂમિમાં એકરંગી અને એકસરખાં બની ગયાં. આજે પંજાબમાં વસ્તી અને ક્યારેક દૂર દૂરના ભાગમાંથી આવેલી જાતિઓ લગભગ બધી પંચનદથી કાઠું જ ધરાવે છે. જો ખૈબરઘાટના વિકટ માર્ગમાંથી પસાર થઈ અને પરસેલે રેબઝેબ થયેલી જાતિઓને પંજાબનું પ્રાકૃતિક આશ્વાસન ન મળ્યું હોત અને મારવાડનાં વેરાનો સાંપડ્યાં હોત તો કદાચ હિંદુસ્તાનમાં આટલી વિદેશી જાતિઓનું મિશ્રણ જ ન થયું હોત.

૩ અસહકાર પહેલાંની અને પછીની સ્થિતિ

અસહકાર પહેલાં પંજાબમાં જે કટ્ટરતા, ધર્માન્ધતા હતી તે આજે કાંઈક ઓસરી છે. પાંચ વર્ષ પહેલાં પંજાબમાં દાખલ થનાર કોઈને કહે કે 'હું પંડિત છું' તો એવું સાંભળનાર એમ જરૂર પૂછતો કે, 'તમે કયા સંપ્રદાયના છો અને ક્યાં શાસ્ત્રાર્થ માટે જાઓ છો?' આજે એ સ્થિતિ મોળી પડી છે. હજુ એટલું અવશ્ય અને કદાચ વધારે પ્રમાણમાં છે કે જો હિંદુ પંડિત હોય તો તેને એમ પૂછે કે તમે હિંદુ સંગઠનમાં માનો છો કે નહિ? પાંચ વર્ષ પહેલાં આર્યસમાજ, સનાતન, જૈન, શીખ, મુસલમાન

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

અને ખ્રિસ્તી પંથના લોક પૂરતા જ વિદ્યા અને ધર્મના અખાડાઓ હતા. આજે એમાં દૃષ્ટિકોણ બદલાયો છે. અમુકવર્ગ સાંપ્રદાયિક કે ધાર્મિક કલહમાં જરા પણ નથી માનતો. ઊલટું એમ માને છે કે રાષ્ટ્રકાર્ય સામે સંપ્રદાય, ધર્મ અને જાતિભેદોને અભરાઈ પર મૂકવા જોઈએ. આર્યસમાજની પહેલાં જેવી ઉગ્રતા નથી રહી. મુસલમાનો સાથે તેઓનું વૈમનસ્ય વધ્યું છે, પણ સનાતનીઓ સાથે ઘટ્યું છે. પહેલાં જે શિક્ષિત તરુણોનું અને ઘણે સ્થળે તો કોલેજિયન યુવકોનું ધ્યાન સાંપ્રદાયિક ભાવ તરફ હતું તે આજે માત્ર રાષ્ટ્રીય ભાવ તરફ વળ્યું છે. સાદાઈ અને ખાદીનું તત્ત્વ પ્રમાણમાં થોડું છતાં મજબૂત રીતે પંજાબમાં પણ દાખલ થયું છે. કેટલાક શિક્ષિત યુવક થોડામાં થોડો પગાર લઈ ખાદી–ઉત્પત્તિ અને ખાદી–પ્રચારનું કામ કરી રહેલા જોવામાં આવે છે. ધાર્મિક કલહો પંજાબની પ્રકૃતિમાંથી સહેજે ભૂલાવા કઠણ છે, છતાં તેની પ્રતિષ્ઠા તો બહુ જ ઓછી થઈ ગઈ છે.

હવે સમાપ્તિમાં એ સ્પષ્ટ કહી દેવું જોઈએ કે ટૂંક વખતમાં સ્થૂળ અવલોકન કે નિરીક્ષણ ઉપરથી બાંધેલા અભિપ્રાયો કાંઈ છેવટના જ હોય એમ ન કહી શકાય. વધારે અનુભવ અને વધારે માહિતી મળતાં ઘણું ઊલટું પણ દેખાય; છતાં મારો સ્વલ્પ અનુભવ આગળ કોઈને આ દિશામાં પ્રેરવા સહાયક થશે તો આ કથન માત્ર પ્રતીકનું સ્થાન નહિ રહે.

—પ્રસ્થાન, પુ૦ ૨, અં ૪, ૫, પુ૦ ૩, અં૦ ૧, ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org